# BAPS Pramukh Academy

## Pramukh SANKALP Programme Overview - Gujarati

*(Nurturing Virtuous Changemakers for Viksit Bharat)*

### ૧. પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામ શું છે?

- **સંકલ્પ પ્રોગ્રામ** એ BAPS પ્રમુખ એકેડમી દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ છે.
- આ ધોરણ 06 થી 12 ના શાળાના વિદ્યાર્થીઓ માટે ખાસ તૈયાર કરવામાં આવેલો 'વિઝનરી લીડરશીપ' અને 'સિવિલ સર્વિસીસ ફાઉન્ડેશન' પ્રોગ્રામ છે.
- તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં મૂલ્યો, નેતૃત્વ શક્તિ અને સર્વાંગી વિકાસ કેળવીને તેમને ભવિષ્યની સફળતા માટે સશક્ત કરવાનો છે.

### ૨. સંકલ્પ પ્રોગ્રામનું વિઝન અને મિશન શું છે?

- તેનો હેતુ યુવાન શાળાના વિદ્યાર્થીઓને ભવિષ્યના **પરિવર્તનકર્તાઓ** (Changemakers) તરીકે ઘડવાનો છે.
- તે એવા નૈતિક અને સેવાભાવી નેતાઓ તૈયાર કરવા માંગે છે જે સમાજમાં અને '**વિકસિત ભારત**' ના નિર્માણમાં સાર્થક યોગદાન આપી શકે.
- તેથી, પ્રોગ્રામની ટેગલાઇન છેઃ **"વિકસિત ભારત માટે ગુણવાન પરિવર્તનકર્તાઓનું ઘડતર"**.

### ૩. આ પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામના ફાયદા અને પરિણામો શું છે?

સંકલ્પ પ્રોગ્રામ ત્રણ સ્તંભોઃ **જ્ઞાન** (Knowledge), **મૂલ્યો** (Values) **અને કૌશલ્ય** (Skills) ને જોડીને વિદ્યાર્થીઓને 21મી સદીની માંગ માટે તૈયાર કરે છે. તે નવી શિક્ષણ નીતિ (NEP 2020) સાથે સુસંગત છે અને શાળા કક્ષાએથી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓ, નેતૃત્વની ભૂમિકાઓ અને જાહેર સેવા માટે મજબૂત પાયો નાખે છે.

### વિદ્યાર્થીઓ માટેઃ

- **નેતૃત્વ વિકાસઃ** આત્મવિશ્વાસ, નિર્ણય શક્તિ, વિશ્લેષણાત્મક વિચારસરણી અને પહેલ કરવાની ક્ષમતાનું નિર્માણ.

- **સર્વાંગી વિકાસઃ** ઈમોશનલ ઈન્ટેલિજન્સ (ભાવનાત્મક સમજ), ક્રિટિકલ થિંકિંગ અને સોફ્ટ સ્કિલ્સનો વિકાસ.
- **શૈક્ષણિક શ્રેષ્ઠતાઃ** સામાન્ય જ્ઞાન (GK), વર્તમાન પ્રવાહો અને ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્ર જેવા વિષયોની સ્પષ્ટ સમજ.
- **ભવિષ્યની તૈયારીઃ** તેમના સંબંધિત ક્ષેત્રોમાં નેતૃત્વ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સિવિલ સેવાઓની તૈયારી માટે પ્રારંભિક પાયો.
- **કૌશલ્ય વૃદ્ધિઃ** વિદ્યાર્થીઓમાં વિશ્લેષણાત્મક વિચારસરણી, અસરકારક સંવાદ અને શિસ્તબદ્ધ અભ્યાસની ટેવ વિકસે છે.
- **મૂલ્યો અને નાગરિકતાઃ** જવાબદારી, નૈતિકતા અને સેવાભાવી માનસિકતા શીખવી.
- **વ્યાવહારિક ઉપયોગ** (Practical Application): ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ, ક્વિઝ અને ચિંતનાત્મક કસરતો દ્વારા જ્ઞાનનો અમલ.
- **એક્સપોઝર અને નેટવર્કિંગઃ** વિદ્યાર્થીઓને નિષ્ણાત વક્તાઓ અને સિવિલ સર્વન્ટ્સ પાસેથી વિવિધ અનુભવો અને નવા વિચારો મળે છે. તેમજ સાથી વિદ્યાર્થીઓ સાથે જોડાઈને તેઓ શીખે છે, આગળ વધે છે અને સમાજમાં સકારાત્મક પ્રભાવ પાડવા માટે પ્રેરિત થાય છે.

**વાલીઓ માટેઃ**

- **મનની શાંતિઃ** બાળકને મજબૂત શૈક્ષણિક પાયાની સાથે 21મી સદીના જીવન કૌશલ્યો મળી રહ્યા હોવાનો વિશ્વાસ.
- **શીખવામાં વિશ્વાસઃ** ખાતરી રહે છે કે બાળક માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહીં, પણ નિષ્ણાતો પાસેથી સર્વાંગી કૌશલ્યો મેળવી રહ્યું છે.
- **કારકિર્દી અંગે જાગૃતિઃ** નેતૃત્વ અને સિવિલ સર્વિસીસના પાયાનો પરિચય, જે ભવિષ્યના ધ્યેયો નક્કી કરવામાં મદદ કરે છે.
- **માળખાગત જોડાણઃ** પેરેન્ટ સેશન્સ (વાલી મીટિંગ્સ) દ્વારા બાળકની પ્રગતિ સમજવાની તક.

- **મૂલ્યોનું સિંચન:** ઘરે પણ મૂલ્ય-આધારિત વિકાસ અને જવાબદાર નિર્ણયો લેવામાં વાલીઓને મદદ મળે છે.

- **વાલી સહાય અને માર્ગદર્શન:** વાલીઓને સમયાંતરે માર્ગદર્શન અને સંસાધનો મળે છે જેથી તેઓ ઘરે બાળકને એક નેતા તરીકે ઘડી શકે.

- **ગૌરવ અને સંતોષ:** વાલીઓ પોતાના બાળકને એક આત્મવિશ્વાસુ, જવાબદાર અને સક્ષમ વ્યક્તિ તરીકે ઘડાતા જોઈને ગૌરવ અનુભવી શકે છે.

**૪. પ્રોગ્રામનું માળખું** (Structure)

પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામ એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે જે **૩ મુખ્ય પાથવે** (Pathways) દ્વારા **૧૭ થી વધુ મોડ્યુલ્સ** આવરી લે છે, જે ઇન્ટરેક્ટિવ સેશનની શ્રેણીમાં ચાલે છે:

પાથવે ૧ - આકાંક્ષાઓની શોધ (Seeking Aspirations):

દ્રષ્ટિની સ્પષ્ટતા, સેવાભાવ અને જીવનમાં શિસ્ત કેળવવી.

- **લર્નિંગ ફ્રોમ ધ લેજેન્ડ્સ** (Learning from the Legends): મહાન વ્યક્તિત્વોના જીવનમાંથી મૂલ્યવાન પાઠ શીખવા અને મહાનતા પ્રાપ્ત કરવાનો જુસ્સો કેળવવો.

- **રિમેકિંગ યોરસેલ્ફ** (Remaking Yourself): સારી ટેવો કેળવવી અને શિસ્તબદ્ધ જીવનશૈલી અપનાવવી.

- **સ્પિરિટ ઓફ સર્વિસ** (Spirit of Service): નિસ્વાર્થ સ્વયંસેવકવૃત્તિ અને સાંસ્કૃતિક સેવાઓ માટે મૂલ્યનિષ્ઠ જીવનનો ભાવ જગાડવો.

- **એસ્પિરેશન્સ ટુ એચીવમેન્ટ્સ** (Aspirations to Achievements): સપનાઓને ટકાવી રાખવા અને તેને સફળતામાં પરિવર્તિત કરવા.

- **બી ધ ચેન્જ-મેકર** (Be the Change-Maker): અધિકારીઓના પ્રભાવશાળી કાર્યો વિશે જાણવું અને સામાજિક પરિવર્તન તથા દેશભક્તિ માટે પ્રેરિત થવું.

પાથવે ૨ - જ્ઞાનનું સંવર્ધન (Nurturing Knowledge):

ભવિષ્યની સિવિલ સર્વિસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પાયાનું જ્ઞાન.

- **નો અવર વાઈબ્રન્ટ ઇન્ડિયા (**Know Our Vibrant India): ભારતના વિવિધ અને સમૃદ્ધ વારસાને જાણવો અને ઊંડી દેશભક્તિ તથા ગૌરવ કેળવવું.
- **માસ્ટર ધ સ્માર્ટ એન્ડ એફિશિયન્ટ લર્નિંગ (**Master the Smart and Efficient Learning): ઝડપી અને અસરકારક રીતે શીખવાની અભ્યાસ પદ્ધતિઓ.
- **કન્ટેમ્પરરી વર્લ્ડ (**Contemporary World: 360-Degree Awareness): રાષ્ટ્રીય અને વૈશ્વિક સમસ્યાઓનું વિશ્લેષણ કરી પડકારો અને ઉકેલોની સર્વાંગી સમજ મેળવવી.
- **કેસ સ્ટડી ક્રોનિકલ્સ (**Case Study Chronicles): કેસ સ્ટડીઝ દ્વારા વાસ્તવિક પરિસ્થિતિઓને સમજવી અને ક્રિટિકલ થિંકિંગ વિકસાવવું.

પાથવે ૩ - નેતૃત્વશીલ વ્યક્તિત્વ (Aiming for Leading Personality):

વિઝનરી લીડરશીપ માટેના કૌશલ્યો.

- **લર્નિંગ લેંગ્વેજ ફોર લીડરશીપ:** આત્મવિશ્વાસ અને સ્પષ્ટતા સાથે નેતૃત્વ કરવા માટે ભાષા પર પ્રભુત્વ મેળવવું.
- **આર્ટ ઓફ ઇફેક્ટિવ કોમ્યુનિકેશન:** વિચારોને અસરકારક અને પ્રેરક રીતે રજૂ કરતા શીખવું.
- **એક્સલન્સ ઇન ઈમોશનલ ઈન્ટેલિજન્સ:** ભાવનાત્મક જાગૃતિ કેળવવી અને સારા સંબંધો બનાવવા.
- **ડેવલપ એઝ ડાયનેમિક થિંકર્સ:** સમસ્યા ઉકેલવા માટે વિશ્લેષણાત્મક વિચારસરણી (Critical Thinking) વધારવી.
- **ડિજિટલ લીડરશીપ:** ડિજિટલ યુગમાં નેતૃત્વ કરવા માટે ટેકનોલોજીકલ સાક્ષરતા મેળવવી.
- **સોફ્ટ સ્કિલ્સ ફોર સકસેસ:** નેતૃત્વ અને ટીમવર્ક માટે જરૂરી આંતરવ્યક્તિત્વ કૌશલ્યો.
- **ફ્યુચર ઓફિસર ફાઉન્ડેશન્સ:** ભવિષ્યના ઓફિસર જેવી માનસિકતા અને સિવિલ સર્વિસ પ્રત્યેનો અભિગમ કેળવવો.
- **રીડ ટુ લીડ (બુક સિનોપ્સિસ):** પ્રેરણાત્મક પુસ્તકો દ્વારા વિચારોને સમૃદ્ધ બનાવવા.

આમ, મસ્તક (જ્ઞાન), હાથ (કૌશલ્ય) અને હૃદય (મૂલ્યો) નો સંતુલિત વિકાસ થાય છે.

**૫. પ્રોગ્રામ કેવી રીતે ચાલશે? (Delivery Model)**

આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓ માટે લવચીક (Flexible), પ્રેક્ટિકલ અને આકર્ષક બનાવવામાં આવ્યો છે. તે **હાઈબ્રિડ મોડલ** છે, જેમાં એપ્લિકેશન આધારિત સેશન્સ અને સેલ્ફ-સ્ટડી (સ્વ-અભ્યાસ) નો સમાવેશ થાય છે જેથી વિદ્યાર્થી પોતાની ગતિએ કોન્સેપ્ટ પાકા કરી શકે.

**મુખ્ય વિશેષતાઓ:**

- **હાઈબ્રિડ મોડલ:** સેશન્સ 'પ્રમુખ એકેડમી એપ્લિકેશન' દ્વારા લેવાય છે અને વિદ્યાર્થીઓ હેન્ડઆઉટ આધારિત એક્સરસાઇઝ કરે છે.
- **પ્રેક્ટિકલ અને તબક્કાવાર શિક્ષણ:** દરેક ટોપિક પ્રેક્ટિકલ હોય છે અને એક ટોપિકનો 15 **દિવસ (2 અઠવાડિયા)** સુધી અભ્યાસ કરવામાં આવે છે.

**સેશનનું માળખું - સ્ટેપ-બાય-સ્ટેપ લર્નિંગ સાયકલ:**

1. **સ્ટેપ 1 - પ્રી-રેકોર્ડેડ વિડીયો (60-75 મિનિટ):** નિષ્ણાતો દ્વારા વિસ્તૃત લેક્ચર.
2. **સ્ટેપ 2 - રિવિઝન ક્વિઝ:** મુખ્ય કોન્સેપ્ટ પાકા કરવા માટે ટૂંકી ક્વિઝ.
3. **સ્ટેપ 3 - એસાઇનમેન્ટ / હેન્ડઆઉટ વર્ક (10-15 દિવસ):** પ્રેક્ટિકલ કસરતો, પ્રવૃત્તિઓ અને ચિંતનાત્મક કાર્યો.
4. **સ્ટેપ 4 - ઈન્ટરેક્ટિવ લાઈવ સેશન (60-75 મિનિટ):** શિક્ષક (એજ્યુકેટર) દ્વારા હેન્ડઆઉટની ચર્ચા અને ઓનલાઇન પ્રવૃત્તિઓ.

**સ્ટડી મટીરીયલ અને વિશેષતાઓ:**

- દરેક ટોપિક માટે રંગીન અને અનુભવલક્ષી **હેન્ડઆઉટ્સ.**
- દરેક એક્સપર્ટ સેશન પછી પ્રોગ્રેસ જાણવા માટે MCQ **ટેસ્ટ.**
- **દ્વિભાષી (**Bilingual): અંગ્રેજી અને હિન્દી મિશ્ર ભાષામાં સમજાવવામાં આવે છે જેથી બધા વિદ્યાર્થીઓ સમજી શકે.
- **મોડ્યુલર લર્નિંગ:** દરેક ટોપિક સ્વતંત્ર છે, એટલે કે પાછલા ટોપિક પર આધારિત નથી. તેથી વિદ્યાર્થી ગમે ત્યારે જોડાઈ શકે છે અને ધીરે ધીરે આગળ વધી શકે છે.

**સેમેસ્ટર સિસ્ટમઃ**

**પ્રોગ્રામ 6 મહિનાના સેમેસ્ટર માં ચાલે છે, જેમાં નીચે મુજબ હોય છે:**

- ઉપર જણાવેલ ત્રણ પાથવે આધારિત 08 **નવા અને આકર્ષક ટોપિક્સ.**
- 01 **પેરેન્ટિંગ એમ્પાવરમેન્ટ સેશન** - ઘરે નેતૃત્વ ગુણો કેળવવા માટે વાલીઓને માર્ગદર્શન.
- સેમેસ્ટર પૂર્ણ થવા પર **કોર્સ કમ્પ્લીશન સર્ટિફિકેટ.**
- સ્વ-અભ્યાસ અને રિવિઝન માટે વ્યક્તિગત **એપ્લિકેશન એક્સેસ.**

**૬. વિદ્યાર્થીઓને એપ્લિકેશનમાં શું મળશે?**

પ્રોગ્રામની એપ્લિકેશન વિદ્યાર્થીઓને NCERT **આધારિત કોન્સેપ્ટ** પૂરા પાડે છે જે મજબૂત શૈક્ષણિક પાયો બનાવે છે અને દરેક સિવિલ સર્વિસની તૈયારીનું હાર્દ છે. જેઓ વહેલી શરૂઆત કરવા માંગે છે અને આગળ રહેવા માંગે છે તેમના માટે આ ખૂબ ઉપયોગી છે.

**મુખ્ય વિશેષતાઓઃ**

- UPSC, State PCS અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓના જનરલ સ્ટડીઝ (GS) સિલેબસ સાથે સુસંગત.
- દિલ્હીના UPSC નિષ્ણાતો દ્વારા ચેપ્ટર-વાઈઝ વિડીયો લેક્ચર્સ.
- જટિલ વિષયોની સરળ સમજૂતી.
- શાળાના અભ્યાસક્રમ સાથે સંપૂર્ણ સુમેળ - જેથી કોઈ વધારાનો શૈક્ષણિક બોજ ન પડે.

**એપ્લિકેશનમાં સામેલ વિગતોઃ**

- **સંકલ્પ સત્ર (લેક્ચર)**
- **સ્ટાન્ડર્ડ વાઈઝ** NCERT **કોન્સેપ્ટ વિડીયો અને મટીરીયલઃ**
    - 450+ ચેપ્ટર-વાઈઝ એક્સપર્ટ વિડીયો લેક્ચર્સ.
    - 229 સરળ કોન્સેપ્ટ સમરી (સારાંશ).
    - 3500+ ચેપ્ટર-વાઈઝ ક્વિઝ.

- **વિષયો (ધો. 6-12):** ઇતિહાસ, કલા અને સંસ્કૃતિ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, પર્યાવરણ, અર્થશાસ્ત્ર.
- **નો એકેડેમિક ઓવરલોડ:** દર વર્ષે માત્ર એક જ ધોરણ કવર કરવામાં આવે છે, જે કોન્સેપ્ટ માસ્ટરી અને પરીક્ષાની તૈયારી પર કેન્દ્રિત છે.

**૭. વિદ્યાર્થીઓને કયું સ્ટડી મટીરીયલ મળશે?**

વિદ્યાર્થીઓને **એક વાર જનરલ નોલેજ (GK) બુક** અને દરેક સંકલ્પ સેશન માટે **રંગીન હેન્ડઆઉટ્સ** મળશે. આ મટીરીયલ શીખવાની પ્રક્રિયાને રસપ્રદ, પ્રેક્ટિકલ અને સર્વાંગી બનાવે છે.

**1. વર્કબુક્સ (હેન્ડઆઉટ્સ): જ્યાં પ્રેક્ટિસ અને સર્જનાત્મકતા મળે છે**

- દરેક સેશન માટે રંગીન, સર્જનાત્મક અને ઇન્ટરેક્ટિવ કસરતોથી ભરપૂર હેન્ડઆઉટ્સ.
- વિદ્યાર્થીઓને તેમના જ્ઞાનનો ઉપયોગ કરવામાં મદદ કરે છે.
- સંશોધન અને સર્જનાત્મક પદ્ધતિઓ પર આધારિત.
- ચિંતનાત્મક પ્રશ્નો અને પ્રવૃત્તિઓનો સમાવેશ.
- વાલીઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપે છે.

**2. જનરલ નોલેજ (GK) બુક:**

- લેવલ મુજબ જનરલ અવેરનેસ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેનું વ્યાપક સંસાધન.
- **લેવલ-વાઈઝ જનરલ અવેરનેસ:** ધોરણ 6 થી 12 માટે અલગ.
- **સ્પર્ધાત્મક પરીક્ષાનો પાયો:** UPSC, GPSC માટે તૈયાર કરે છે.
- **વિષયો:** ઇતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, અર્થતંત્ર.
- **વાર્ષિક સ્કોલરશિપ ટેસ્ટ અને ઇનામો:** નિયમિત મૂલ્યાંકન અને સિદ્ધિઓને પ્રોત્સાહન.

આમ, હેન્ડઆઉટ્સ અને GK બુક મળીને 360° **લર્નિંગ અનુભવ** આપે છે.

**૮. સિવિલ સર્વિસની તૈયારી વહેલી શરૂ કરવી શા માટે મહત્વની છે?**

વહેલી તૈયારી શરૂ કરવાના ઘણા ફાયદા છે:

- **ફાઉન્ડેશન બિલ્ડીંગ:** મુખ્ય વિષયોમાં મજબૂત પાયો બને છે જે લાંબા ગાળાની સફળતા માટે જરૂરી છે.
- **આત્મવિશ્વાસ અને સ્પષ્ટતા:** પરીક્ષાની પદ્ધતિ અને અભ્યાસક્રમથી વહેલા પરિચિત થવાથી તણાવ અને અનિશ્ચિતતા ઘટે છે.
- **સર્વાંગી વિકાસ:** ક્રિટિકલ થિંકિંગ, વિશ્લેષણાત્મક કૌશલ્ય અને વર્તમાન પ્રવાહોની સમજ વિકસે છે.
- **સ્પર્ધાત્મક લાભ:** વહેલી શરૂઆત શાળાના વિદ્યાર્થીઓને તેમના સાથીદારો કરતા આગળ રાખે છે (Extra Edge).
- **સુધારણા માટે સમય:** અભ્યાસની પદ્ધતિઓ સુધારવા અને સંપૂર્ણ તૈયારી માટે પૂરતો સમય મળે છે.

**૯. બાળકની પ્રગતિ માટે વાલીઓનો કેવો સહકાર જરૂરી છે?**

આ પ્રોગ્રામમાં માનવામાં આવે છે કે વિદ્યાર્થીનો વિકાસ એ એક સહિયારો પ્રયાસ છે. અમારી ટીમ માર્ગદર્શન આપે છે, પણ વાલીઓની સક્રિય ભાગીદારી વિદ્યાર્થીની પ્રગતિને કાયમી બનાવે છે. આ માટે '**સંકલ્પ ગાર્ડિયન**' ની વિશેષ નિમણૂક કરવામાં આવી છે.

સંકલ્પ ગાર્ડિયન કોણ છે?

માતા-પિતા, શિક્ષક અથવા કુટુંબના કોઈપણ જવાબદાર સભ્ય જે બાળકના વિકાસમાં સક્રિય રસ લેતા હોય.

**લાયકાત:**

- હેન્ડઆઉટની પ્રવૃત્તિઓ સમજવા માટે પાયાનું શિક્ષણ હોવું જોઈએ.
- વિદ્યાર્થીને માર્ગદર્શન આપવા અઠવાડિયે 3-4 **કલાક** ફાળવી શકવા જોઈએ.
- બાળકના અંગત, શૈક્ષણિક અને નેતૃત્વ વિકાસમાં સાચો રસ હોવો જોઈએ.

**જવાબદારીઓ:**

- દરેક વિદ્યાર્થી પાસે એક સમર્પિત ગાર્ડિયન હોવા જોઈએ.
- દરેક હેન્ડઆઉટમાં આપેલી "SANKALP Guardian's Space" ની પ્રવૃત્તિઓ વાંચવી અને અનુસરવી.
- વિદ્યાર્થીને એસાઇનમેન્ટ પૂર્ણ કરવામાં અને સમયસર સબમિટ કરવામાં મદદ કરવી.
- દરેક લાઈવ સેશનમાં વિદ્યાર્થીની હાજરી અને સાતત્ય સુનિશ્ચિત કરવું.

- સરળ શિક્ષણ માટે સંકલ્પ એજ્યુકેટર્સ સાથે નિયમિત સંકલન રાખવું.
- વિદ્યાર્થીના ડિજિટલ ઉપયોગ પર ધ્યાન રાખવું અને શૈક્ષણિક હેતુ માટે સુરક્ષિત ઉપયોગ સુનિશ્ચિત કરવો.
- વાલીઓ માટે યોજાતા ટ્રેનિંગ સેશન્સમાં હાજરી આપવી.

આ પ્રયાસો દ્વારા આપણે ભાવિ નેતાઓને ઘડવા માટે સહાયક વાતાવરણ બનાવી શકીએ છીએ.

**૧૦. વિદ્યાર્થીઓ પાસેથી કઈ પ્રતિબદ્ધતા (Commitment) અપેક્ષિત છે?**

સંકલ્પ પ્રોગ્રામનો પૂરો લાભ લેવા માટે વિદ્યાર્થીઓએઃ

- તમામ સેશન્સ (ઓનલાઇન કે ઓફલાઇન) માં નિયમિત હાજરી આપવી અને સક્રિય ભાગ લેવો.
- એસાઇનમેન્ટ, હેન્ડઆઉટ્સ અને ક્વિઝ સમયમર્યાદામાં પૂર્ણ કરવા.
- GK બુક, હેન્ડઆઉટ્સ અને એપના સંસાધનોનો અભ્યાસ કરવો.
- દરેક સેશનમાં શીખેલા કોન્સેપ્ટને વાસ્તવિક જીવનમાં ઉતારવા.
- સંકલ્પ એજ્યુકેટર્સ અને ગાર્ડિયનના માર્ગદર્શનને અનુસરવું.
- સમગ્ર સેમેસ્ટર દરમિયાન શિસ્ત, એકાગ્રતા અને પ્રતિબદ્ધતા જાળવવી.

મુખ્ય સંદેશઃ આ પ્રોગ્રામ પ્રેક્ટિકલ અને આકર્ષક છે, તેથી જ્ઞાન અને વ્યક્તિગત વિકાસનો મહત્તમ લાભ લેવા માટે **સક્રિય ભાગીદારી અને સાતત્ય** જરૂરી છે.

**૧૧. ફી માળખું (Fee Structure) શું હશે?**

પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામની **વાસ્તવિક વાર્ષિક કિંમત** ₹6,000 છે. પરંતુ વિદ્યાર્થીઓ માટે તે સસ્તું અને સુલભ બનાવવા માટે પ્રમુખ એકેડમી ડિસ્કાઉન્ટ સાથે ઓફર કરે છેઃ

1. **ઓનલાઇન સેલ્ફ-લર્નિંગઃ**
    - **કિંમતઃ** ₹2,500 / સેમેસ્ટર (6 મહિના).
    - **વિશેષતાઃ** વ્યક્તિગત વિદ્યાર્થીઓ; રેકોર્ડેડ સેશન્સ + સ્ટડી મટીરીયલ.

2. **શાળા દ્વારા (SANKALP Educator સાથે):**
    - **કિંમત:** કસ્ટમ (શાળાની સુવિધા મુજબ).
    - **વિશેષતા:** લાઈવ ક્લાસરૂમ સેશન્સ, શિક્ષકનું માર્ગદર્શન, સ્ટડી મટીરીયલ.

**નોંધ:**

- ઓનલાઇન વિકલ્પમાં વિદ્યાર્થી પોતાની ગતિએ હાર્ડ કોપી મટીરીયલ સાથે શીખી શકે છે.
- શાળા આધારિત એનરોલમેન્ટમાં ઇન્ટરેક્ટિવ લર્નિંગ અને શિક્ષકનો સપોર્ટ મળે છે, જેની ફી શાળાની સુવિધા પર આધારિત છે.
- ફી ભવિષ્યમાં બદલાઈ શકે છે.

**૧૨. એનરોલમેન્ટ (પ્રવેશ) પ્રક્રિયા શું છે?**

**વ્યક્તિગત વિદ્યાર્થીઓ માટે:**

1. રજીસ્ટ્રેશન લિંક પર ક્લિક કરી એનરોલમેન્ટ ફોર્મ ભરવું.
2. પ્રમુખ એકેડમી કોર્સ વેબસાઈટ દ્વારા કોર્સ એક્સેસ કરવો.
3. તમારું એનરોલમેન્ટ કન્ફર્મ કરવા ઓનલાઇન ફી ભરવી.
4. સ્ટડી મટીરીયલ ઘરે ડિલીવર કરવામાં આવશે.
5. શીખવાનું શરૂ કરવું.

**શાળાઓ માટે:**

1. વિગતો જાણવા સંકલ્પ સપોર્ટ ટીમનો સંપર્ક કરવો.
2. શાળાની જરૂરિયાત મુજબ **સંકલ્પ ઈનિશિએટર** મેનેજમેન્ટ, સ્ટાફ અને વાલીઓને પ્રોગ્રામ વિશે પ્રેઝન્ટેશન આપશે.
3. શાળા સહમત થાય એટલે:
    - **સંકલ્પ એજ્યુકેટર** ને અમારી ટીમ દ્વારા ટ્રેનિંગ અપાશે.
    - વિદ્યાર્થીઓને એપ્લિકેશન એક્સેસ અપાશે.
    - સ્ટડી મટીરીયલ શાળાએ પહોંચાડવામાં આવશે.

**નોંધ:** કોઈપણ પ્રશ્ન માટે **સંકલ્પ સપોર્ટ ટીમ:** 92279 95859 પર સંપર્ક કરો.